# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2024** **Midday : 1.20 to 1.30**
**Day : SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

---

- ભારત ભુતાનને આગામી પાંચ વર્ષ દરમિયાન 10 હજાર કરોડ રૂપિયાની આર્થિક મદદ કરશે.
- દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને દારૂ નીતિ કૌભાંડ કેસમાં 28મી માર્ચ સુધી ઇડીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા.
- ભારતીય નૌકાદળનું જહાજ કોલકાતા, આજે 35 સોમાલીયન ચાંચિયાઓ સાથે મુંબઈ પહોંચ્યું છે.
- રશિયાના મોસ્કોમાં ગઈકાલે બંનેલા એક સશસ્ત્ર હુમલાના બનાવમાં 60 થી વધુ લોકોના મોત જ્યારે 145 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે.
- આજે મોહાલીમાં પંજાબ કિંગ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે - અને કોલકાતામાં કોલકાતા નાઈટ રાઈડર્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે થશે.
-

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# India bhutam

ભારત ભુતાનને આગામી પાંચ વર્ષ દરમિયાન 10 હજાર કરોડ રૂપિયાની આર્થિક મદદ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુતાનની તેમની મુલાકાતના પ્રથમ દિવસે થિમ્પૂમાં આ જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રીએ ભારત ભૂટાનની સાથે ઊભું રહેશે તેવી ખાતરી આપતાં બંને દેશો પરસ્પર જોડાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેપાર અને ઊર્જા અને ઉદ્યોગ ક્ષેત્રોમાં વધુ સહયોગ વધારશે તેમ જણાવ્યું હતું. દરમિયાન બંને દેશો વચ્ચે ઉર્જા, વેપાર, ડિજિટલ કનેક્ટિવિટી, સ્પેસ અને ખેતી ક્ષેત્ર અને રેલ કનેક્ટિવિટી સંબંધિત સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ભૂતાનને ભારતની આર્થિક સહાયતા વિશે માહિતી આપતાં વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ કહ્યું કે આ સહાયમાં ભૂતાનના આર્થિક પ્રોત્સાહન પેકેજમાં ભારતનું સમર્થન પણ સામેલ છે.

શ્રી મોદી ગઈ કાલે ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકને મળ્યા હતા અને પ્રધાનમંત્રી શેરિંગ તોબગે સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓ વિકાસલક્ષી ભાગીદારી તેમજ ઊંડા સાંસ્કૃતિક સંબંધો અંગે સંમત થયા હતા. દરમિયાન, પ્રધાનમંત્રીશ્રીએ થિમ્પુમાં ભારત સરકારની સહાયથી બનેલી અત્યાધુનિક હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું.

# BJP-CEC

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક આજે પક્ષના મુખ્ય મથકે યોજાશે. બેઠકમાં લોકસભા ચૂંટણીના ઉમેદવારો અંગે ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ, રાજ્ય ચૂંટણી સમિતિના સભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# E d

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને દારૂ નીતિ કૌભાંડ કેસમાં 28મી માર્ચ સુધી ઇડીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા. EDના જણાવ્યા પ્રમાણે શ્રી કેજરીવાલ હવે પાછી ખેંચી લેવામાં આવેલી દારૂ નીતિ ઘડવામાં સીધી રીતે સામેલ હતા.

ગત ગુરુવારે રાત્રે ED દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમને અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. દિલ્હીની વડી અદાલતે દારૂ નીતિ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઇડી દ્વારા તેમને જારી કરાયેલા સમન્સ અંગે ધરપકડથી કોઈપણ વચગાળાના રક્ષણનો ઇનકાર કર્યા બાદ શ્રી કેજરીનાલની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન આપના નેતા અને દિલ્હી સરકારમાં મંત્રી આતિશીએ કહ્યું હતું કે શ્રી કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેશે. કોઈ બંધારણીય જોગવાઈને કારણે તેમને રાજીનામું આપવાની જરૂર નથી.

# CBI-MOITRA

કેન્દ્રીય તપાસ પંચ સીબીઆઈ ટીએમસીના નેતા મહુઆ મોઇત્રાના કેશ ફોર ક્વેરી કેસ સંબંધે કોલકાતા સહિત વિવિધ સ્થળોએ તપાસ કરી રહી છે. આ સાથે કોલકાતા અને અન્ય શહેરોમાં મોઇત્રાના પરિસરમાં પણ તપાસ ચાલી રહી છે.

સીબીઆઈએ લોકપાલના નિર્દેશ પર ટીએમસીના ભૂતપૂર્વ સાંસદ વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી, જેમાં એજન્સીને છ મહિનાની અંદર રિપોર્ટ દાખલ કરવા સૂચના અપાઈ હતી.

ઉલ્લેખનીય છે કે મહુઆ મોઇત્રાને સંસદમાં રૂપિયા લઈને પ્રશ્નો પૂછવા અંગે ગત વર્ષે ડિસેમ્બરમાં લોકસભામાંથી બહાર કરાયાં હતાં . સંસદની એથિક્સ પેનલે તેમને દૂર કરવાની ભલામણ કરી હતી.

# SOMALI PIRATES - MUMBAI POLICE

ભારતીય નૌકાદળનું જહાજ કોલકાતા, આજે 35 સોમાલીયન ચાંચિયાઓ સાથે મુંબઈ પહોંચ્યું છે.

આ જહાજને ચાંચિયાગીરી વિરોધી કામગીરી માટે એડનની ખાડીમાં તૈનાત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ તમામ 35 સોમાલીયન ચાંચિયાઓએ આત્મસમર્પણ કર્યું છે.

INS કોલકાતાએ ડ્રોનનો ઉપયોગ કરીને સશસ્ત્ર ચાંચિયાઓની પ્રવૃત્તિની પુષ્ટિ કરી હતી. ભારતીય યુદ્ધ જહાજ પર ગોળીબાર સહિત ચાંચિયાઓની શ્રેણીબદ્ધ પ્રતિક્રિયાઓને પગલે, કોલકાતાએ એમવી રુએન સ્ટીયરિંગ અને નેવિગેશનને અક્ષમ કરી દીધું હતું.

# RUSSIA ATTACK- PM-MOSCOW ATTACK

રશિયાના મોસ્કોમાં ગઈકાલે એક કોન્સર્ટહોલમાં સશસ્ત્ર હુમલાખોરોએ કરેલા ગોળીબારમાં 60 થી વધુ લોકોના મોત થયા છે. જ્યારે 145 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. આતંકવાદી જૂથ ISIS એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. ગોળીબાર બાદ કોન્સર્ટ હોલમાં આગ લાગી હતી.

હુમલા પછી સુરક્ષા દળોએ કાર્યવાહી હાથ ધરી હતી. 70થી વધુ એમ્બ્યુલન્સ ટીમો અને ડોકટરો ઇજાગ્રસ્તોની સારવારમાં લાગ્યા હતા. અમેરિકાએ જણાવ્યા પ્રમાણે આ અંગે તે વધુ માહિતી મેળવાના પ્રયત્ન કરી રહ્યું છે. જ્યારે યુક્રેને હુમલામાં કોઈપણ સંડોવણીનો ઇનકાર કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોસ્કોમાં થયેલા આતંકવાદી હુમલાની ટીકા કરી છે. એક સંદેશમાં શ્રી મોદીએ પીડિતો  પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે ભારત, દુઃખની આ ઘડીમાં રશિયાની સરકાર અને લોકો સાથે છે. દરમિયાન નવી દિલ્હી ખાતેના  રશિયાના દૂતાવાસમાં રશિયાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે.

# RUSSIA ATTACK-REAX

રશિયાના મોસ્કોમાં એક કોન્સર્ટ હોલમાં થયેલા આતંકવાદી હુમલાની વિશ્વ નિંદા કરી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આ હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે તમામ સભ્ય દેશોઅને સંબંધિત સત્તાવાળાઓને આ હુમલા માટે જવાબદાર લોકોને સજા અપાવવા માટે રશિયન સરકારને સહયોગ કરવા હાકલ કરી છે. અમેરિકા, યુરોપિયન સંઘ, બ્રિટન, ફ્રાન્સ, સ્પેન અને સંયુક્ત આરબ અમીરાતે પણ આ હુમલાની નિંદા કરી છે.

# KUPWARA - LS ELECTION

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કશ્મીરના કુપવાડા જિલ્લાની તમામ છ વિધાનસભા મતવિસ્તારો માટે બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વીવીપીએટીની રેન્ડમ ફાળવણીનો પ્રથમ તબક્કો હાથ ધરવામાં આવ્યો હતો.

આ પ્રક્રિયા કુપવાડા જિલ્લા ચૂંટણી અધિકારીની દેખરેખ હેઠળ થઈ હતી. તેનો હેતુ જિલ્લાના  તમામ છ વિધાનસભા મતવિસ્તારમાં કુલ 611 મતદાન મથકો માટે બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને VVPAT પૂરા પાડવાનો છે.

# SAHID DIVAS

દેશના વીર શહીદોનું સન્માન કરવા અને દેશ માટે તેમના બલિદાનને યાદ કરવા માટે દર વર્ષે 23મી માર્ચે ભારતમાં શહીદ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેશની સ્વાતંત્ર્ય ચળવળ માટે 23 માર્ચ 1931એ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. આ ત્રણેય નૌ જવાને દેશ માટે થઈને શહીદી વહોરી લીધી હતી. ત્યારથી આપણા દેશમાં આ દિવસને શહીદ દીન તરીકે ઉજવવાય છે. આજે પંજાબ સહિત દેશભરમાં આ શહીદોને ભાવુક શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

# US-SHUTDOWN

અમેરિકાની સંસદે આજે સરકારી શટડાઉનને ટાળવા માટે 1.2 ટ્રિલિયન ડોલરની સહાય જાહેર કરી છે.

74 વિરુદ્ધ 24 મતથી તેને પ્રતિનિધિ સભામાં મંજૂરી આપવામાં આવી હતી. પેકેજમાં સંરક્ષણ, હોમલેન્ડ સુરક્ષા, શ્રમ, આરોગ્ય અને માનવ સેવા, શિક્ષણ સહિત મહત્ત્વપૂર્ણ સરકારી કાર્યો માટે ભંડોળ પૂરું પાડવામાં આવે છે. આ કાયદાને રાષ્ટ્રપતિ જો બાઈડેનના હસ્તાક્ષર માટે મૂકવામાં આવ્યો છે.

# REV.NT.IPL

આજે મોહાલીમાં બપોરે સાડા ત્રણ વાગ્યે પંજાબ કિંગ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે અને કોલકાતામાં સાંજે સાડા સાત વાગ્યે કોલકાતા નાઈટ રાઈડર્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે થશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ ક્રિકેટની પ્રથમ મેચમાં અગાઉની વિજેતા ચેન્નાઈ સુપર કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટથી પરાજય આપ્યો છે.

ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી અને નિર્ધારિત વીસ ઓવરમાં છ વિકેટે 173 રન બનાવ્યા. જેમાં રચિન રવિન્દ્રએ 37 અને અનુજ રાવતે 48 રન બનાવ્યા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સે 8 બોલ બાકી રહેતા 174 રનનો  લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ માટે મુસ્તાફિઝુર રહેમાને ચાર વિકેટ લીધી હતી.

# NT.SWISS OPEN BADMINTON

ભારતનો કિદામ્બી શ્રીકાંત સ્વિસ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની સેમી ફાઇનલમાં પહોંચી ગયો છે.

શ્રીકાંતે સ્વિટ્ઝર્લેન્ડના બાસેલમાં પુરૂષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં તાઇવાનના લી ચિયા હાઓને પરાજય આપ્યો હતો. ફાઈનલમાં સ્થાન મેળવવા માટે શ્રીકાંત આજે તાઈવાનના જ લિન ચુન-યી સામે ટકરાશે.

અન્ય ક્વાર્ટર ફાઈનલ મેચોમાં પ્રિયાંશુ રાજાવતનો તિએન ચેન ચાઉ સામે પરાજય થયો હતો જ્યારે કિરણ જ્યોર્જ ડેનમાર્કના રાસમસ ગેમકે સામે હારી ગયો હતો.